## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આમ જ આંદોલન કરશો તો ... આ લોકો ઇન્ટરનેટ જ નાબુદ કરી નાખશે... પછી અભણ રહી જાવ અને અનામત માંગવાનો પ્રશ્ન જ ન રહે...!! શું સમજ્યા...?**

# ૬૦ ઉમેદવારોએ બીજા તબક્કામાં પણ તેમના હિસાબો રજુ કરવાની દરકાર ન લીધી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગમાં બીજા તબક્કામાં પણ ૬૦ જેટલા ઉમેદવારો તેમના ચૂંટણી ખર્ચની વિગતો રજુ કરવામાં નિષ્ફળ જતાં ચૂંટણી ખર્ચના ચકાસણી અધિકારીએ ચૂંટણી અધિકારીઓને આ અંગેની જાણ કરી તેમને નોટીસ આપવા જણાવ્યું છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ત્રણ તબક્કામાં ચૂંટણી ખર્ચના હિસાબો રજુ કરવાના હતા. બે તબક્કાનો સમય પસાર થઈ ગયો છે અને ૬૦ જેટલા ઉમેદવારો દ્વારા તેમના હિસાબો રજુ થયા નથી.

મળતી વિગતો પ્રમાણે પ્રથમ તબક્કામાં પણ ૫૦ ટકા જેટલા ઉમેદવારો હિસાબો રજુ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. બીજા તબક્કાના હિસાબો ગઈકાલે રજુ કરવાના હતા પરંતુ તેમાંય ૫૦ ટકા ઉમેદવારોએ જ હિસાબો રજુ કર્યા છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મનપાની ચૂંટણી માટે રૂ. ૪ લાખના ખર્ચની મર્યાદા નિયત કરી છે અને આ ખર્ચની ચકાસણી માટે અધિકારીઓની પણ નિયુક્તી કરી છે અને તેમની સમક્ષ ઉમેદવારોએ ખર્ચના હિસાબો રજુ કરવાના હોય છે.

મળતી વિગતો પ્રમાણે પ્રથમ તબક્કામાં ઉમેદવારોએ સરેરાશ ૨૦ હજાર જેટલો ખર્ચ બતાવ્યો હતો. બીજા તબક્કામાં ૧૦ જેટલા ઉમેદવારોએ રૂ. એકથી સવા લાખનો ખર્ચ બતાવ્યો છે તો કેટલાક ઉમેદવારોએ ૫૦ થી ૭૫ હજાર સુધીનો ખર્ચ બતાવી તેમના હિસાબો રજુ કર્યા છે.

ચૂંટણી ખર્ચ નિરીક્ષકશ્રીએ હિસાબો રજુ નહિ કરનાર ઉમેદવારોની યાદી તૈયાર કરી બન્ને ચૂંટણી અધિકારીઓને મોકલી આપી છે. હવે મતદાન બાદ ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારોને નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થતાં એક માસની અંદર ઉમેદવારોએ તેમના હિસાબ રજુ કરી દેવાના હોય છે. જો આમ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જાય તો તેમને ચૂંટણી લડવા માટે ડિસ્કવોલીફાય કરવા સુધીના પગલાં ચૂંટણી પંચ દ્વારા લેવામાં આવે છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેરમાં મનપાની ચૂંટણીને પગલે રાજકીય ઉત્તેજનાઓ ચરમસીમાએ જોવા મળી રહી છે.

● ગાંધીનગર મનપાના ચૂંટણીને લઈ આજે બુથ મેનેજમેન્ટ અને ગૃપ બેઠકોનો ધમધમાટ જોવા મળ્યો હતો.

● ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શરૂ કરાયેલ મતદાર સહાયતા કેન્દ્રો પર આજે ૧૦૦થી પણ વધુ મતદારોએ તેમના નામ અને બુથની જાણકારી મેળવવા ફોન કર્યા હતા.

● જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકર, અધિક નિવાસી કલેક્ટર શ્રી વિજય કાલરિયા તેમજ પ્રાંત અધિકારીશ્રી સે. ૧૬માં ડિસ્પેચીંગની ચાલી રહેલી કામગીરી જોવા ગયા હતા.

● ગાંધીનગરમાં લગ્નસરાની મોસમ અને મતદાન તેમજ પરીક્ષાનો માહોલ રાજકીય આગેવાનોની ચિંતાનો મુદ્દો બન્યા છે.

● ગાંધીનગર શહેરમાં આચાર સંહિતાના અમલને લઈ ૨૧૭૨ પડદા, પોસ્ટર, બેનર, હોર્ડિંગ્સ તંત્રએ દૂર કર્યા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે વર્લ્ડ બુક ડે નિમિત્તે વાંચન રસિયાઓએ સારા પુસ્તકો ખરીદીને તેમના મિત્રોને ભેટ આપી અનોખી ઉજવણી કરતા પણ દેખાયા હતા. ૧૯૯૫થી અંગ્રેજી સાહિત્યકાર શેક્સપીયરની સ્મૃતિમાં ૨૩ એપ્રિલના રોજ પુસ્તક ડે તરીકે ઉજવણી શરૂ થઈ છે.

## રાજ્યપાલ સહિતના મહાનુભાવો ઈ.વોટીંગ કરી મતાધિકાર ભોગવશે

ગાંધીનગર શહેરમાં ૪૬૪ ઈ.વોટર્સ નોંધાયા છે. જે ગત ચૂંટણી કરતાં ઓછા છે. આ ચૂંટણીમાં ૬૮૧ ઈ.વોટર્સનું રજીસ્ટ્રેશન થયું હતું પરંતુ તેમાંથી ૧૦૮નું રજીસ્ટ્રેશન મતદાર નોંધણીએ મંજૂર રાખ્યુ ન હતુ.

આજે મનપાની ચૂંટણીમાં રાજ્યના મહામહીમ રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, પંચના પૂર્વ સચિવ શ્રી પ્રકાશ શાહ, વર્તમાન સચિવશ્રી મહેશ જોશી, રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ વ ગિફ્ટ સીટીના ચેરમેન શ્રી સુધીર માંકડ સહિતના મહાનુભાવો ઈ.વોટીંગ કરી તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે.

શહેરમાં નોંધાયેલા ઈ.વોટર્સમાં સૌથી વધુ ઈ.વોટર્સ વોર્ડ નં. ૮માં નોંધાયેલા છે, જ્યારે સૌથી ઓછા ઈ. વોટર્સ વોર્ડ નં. ૫માં માત્ર છ નોંધાયેલા છે. આ ચૂંટણીમાં નોંધાયેલા ૩ ઈ.વોટર્સ માટે કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્રમાં ખાસ મતદાન મથક પણ ઉભુ કરાયું છે.



ઈવીએમની ચકાસણી : મનપા મતદાનની પૂર્વ સંધ્યાએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઈવીએમની ચકાસણી તથા જરૂરી સ્ટેશનરી આપવાની કામગીરી શનિવારે દિવસ દરમિયાન યોજાઈ હતી. મહાનગરપાલિકાના આઠ વોર્ડની ચૂંટણી માટેની તંત્ર દ્વારા તૈયારીઓ પૂર્ણ થઈ છે. હવે રવિવારે શાંતિ પૂર્ણ મતદાન થાય ત્યારે તંત્ર હાશકારો અનુભવશે....

## શહેરના હિતમાં સાચો નિર્ણય લઈ અચૂક મતદાન કરવા અપીલ

ગુજરાતના ખૂણે ખૂણેથી આવીને નવનિર્મિત પાટનગર ગાંધીનગરમાં વસેલા નગરજનોને કોમવાદ, જાતિવાદ કે ધર્મના ભેદભાવ ભુલી શહેરના વિકાસ માટે સાચો નિર્ણય લઈ મતદાન કરવા આલોક આનંદ નામના જાગૃત નગરજને અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે શહેરનો જનસમૂહ ભલે પછી તે કર્મચારી હોય કે અન્ય કોઈ પણ તમામને એકતાનું જતન કરવાની જવાબદારી નિભાવવાની છે. મહાનગરપાલિકામાં નાગરિકોનું હિત, સલામતી અને સુવિધા એ પ્રાથમિક જરૂરિયાત છે આથી નગરના ભવિષ્યને ધ્યાનમાં રાખી સાચો નિર્ણય લેવા તથા યોગ્ય ઉમેદવારને પસંદ કરી અચૂક મતદાન કરવા અનુરોધ કર્યો છે. શહેરના ઘડતરમાં ઘણી બધી સંસ્થાઓ, વ્યક્તિઓનો ફાળો છે તે અવિરત ગંગા વહેતી રહેવી જોઈએ તેવો આશાવાદ વ્યક્ત કર્યો છે.

## કર્મચારીઓને લોલીપોપ આપવાનું બંધ કરી છઠ્ઠા પગારપંચનો પુરો લાભ આપો : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાંથી ફેંકાઈ રહેલી અને ગાંધીનગર શહેરમાં સત્તા માટે હવાતિયા મારતી ભાજપની સરકારના હૈયે જો કર્મચારીઓ માટે હિત વસ્યુ હોય તો તેમને છઠ્ઠા પગારપંચની ભલામણો પ્રમાણેના તમામ લાભ તાત્કાલિક આપવા જોઈએ તેવી માંગ કરતાં કોંગ્રેસના મહામંત્રી અને પ્રવક્તા નિશીત વ્યાસે જણાવ્યું હતું કે, સતત કામ કરતા કર્મચારીઓની વેદનાને ભાજપની સરકાર ક્યારેય સમજી નથી. કર્મચારીઓએ રાજ્યમાં અને ગાંધીનગરમાં છેલ્લા ૧૫ વર્ષમાં અનેક આંદોલન કર્યા છતાં સરકારે જૂના પગારપંચની માંગણીઓ સ્વિકારી નથી અને તે અનુસાર આપવા પાત્ર લાભ અને અધિકાર અટકાવી રાખ્યા છે.

કોંગ્રેસના મહામંત્રી અને પ્રવક્તા નિશીત વ્યાસે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે મોંઘવારીના માર વચ્ચે છ ટકા મોંઘવારી ભથ્થુ જાહેર કરવાની ફરજ પડી હતી. પરંતુ ગુજરાતની આનંદીબહેન પટેલની સરકારે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના આગલા દિવસે તેની જાહેરાત કરીને કર્મચારીઓ તેમજ પેન્શનરોને રીઝવવાનો પ્રયાસ કર્યો છે. ગાંધીનગર અચાનક યાદ આવ્યું હોય તેમ વોર્ડ વોર્ડ ફરીને મતદારોને લોલીપોપ આપવા નિકળેલા મુખ્યમંત્રી ક્યારેય દિનચર્યા માટે ગાંધીનગરમાં નિકળ્યા નથી.

ચૂંટણીની આચારસંહિતા હોવા છતાં ભાજપની સરકારે મોંઘવારી ભથ્થુ જાહેર કર્યું પરંતુ કોંગ્રેસ તેનો વિરોધ કરતી નથી કારણ કે મોંઘવારી ભથ્થું એ કર્મચારીઓનો હક્ક છે અને તેમના હક્કનું તેમને સમયસર મળવું જ જોઈએ. કર્મચારીઓ તો સરકારના હાથ-પગ છે પરંતુ તેમની પ્રત્યે પૂર્વગ્રહ રાખી ભાજપની સરકાર તેમને નોકરીમાં હેરાન કરવાનું બંધ કરે. વર્ષોથી લડતા આવેલા કર્મચારીઓ અને તેમના મંડળોની છઠ્ઠા પગાર પંચની બાકીની માંગણીઓ સરકાર કેમ સ્વિકારતી નથી તેનો આ સમયે સરકારે ખુલાસો પણ કરવો જોઈએ.

નિશીત વ્યાસે જણાવ્યું હતું કે, યુપીએ શાસનમાં સાતમા પગાર પંચની જાહેરાત કરવામાં આવી હતી અને હવે તેના અમલીકરણનો તબક્કો છે છતાં છઠ્ઠા પગાર પંચની બાકીની માંગણીઓ પુરી કરવા ભાજપની સરકારને સમય મળતો નથી. કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે અનેક આંદોલનો પછી પણ ભાજપે કર્મચારી મંડળોને વારંવાર લોલીપોપ આપી છે. વર્ષોથી જરી પુરાણા સરકારી આવાસોની મરામત નહીં થતાં કર્મચારી પરિવારો ભય સાથે વસવાટ કરી રહ્યાં છે. સરકારે ઈન્કવાયરી કચેરીઓ બંધ કરી દીધી હોવાથી રહેઠાણના પ્રશ્નો ઉકેલતા નથી. સિનિયર સિટીઝન માટે શહેરમાં કોઈ સલામતી નથી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી કથળી છે કે મહિલાઓના દોરા ભર બપોરે લૂંટાય છે. કર્મચારી સિવાયના વ્યાપારી વ્યક્તિઓ તેમજ તેમના પરિવારની વેદના સમજવા ક્યારેય મુખ્યમંત્રી કે તેમના મંત્રી ગાંધીનગરના સેક્ટરોમાં ફરક્યા નથી.




